Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४. आषाढ आत्म सं. ३३. | अंक १२ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ અશરણ ભાવના... | ૨૯૫ | ૬ વીજળીના ઝબકારે. | ૩૦૪ |
| ૨ જિનભકતોને. | ૨૯૬ | ૭ જૈન ધર્મ. | ૩૦૭ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. | ૨૯૭ | ૮ પ્રગતિના સૂત્રો. | ૩૧૪ |
| ૪ પ્રશમસુખ પુરૂષાતનવંતને મળે છે. | ૩૦૦ | ૯ શિખરપરથી દષ્ટિપાત. | ૩૧૬ |
| ૫ રેખા સૂત્રો. | ૩૦૧ | ૧૦ ગ્રંથાવલોકન. | ૩૧૭ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર વિનંતિ. દરેક સુજ્ઞ ગ્રાહકોને વી. પી. સ્વીકારવાની નમ્ર સુચના.

## ( નવીન ભેટ )

ચાલતા આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૫ મા તથા પુસ્તક છવીસમા બંને વર્ષના ચાલુ નિયમ પ્રમાણે આ વખતે " જૈન નરરત્ન ભામાશાહ " એ નામની ભેટની બુક આપવાની હકીકત ગયા અંકમાં સવિસ્તર જણાવેલ છે. અમારા તરફથી દરવર્ષે વિવિધ વિષયો, તત્વ જ્ઞાન, ઇતિહાસ ચરિત્ર–કથાનુયોગ વગેરે ગ્રંથો ઉદાર ભાવનાથી ગ્રાહકોને ભેટ અપાય છે. આ ગ્રંથમાં આવેલ ઇતિહાસિક ચરિત્ર સંબંધી ટુંક હકીકત પણ આગલા અંકમાં નિવેદન કરેલ છે, એટલે કે આટલો મોટો સુમારે પાંત્રીશ ફોર્મ ત્રણસેંહ પાનાનો સચિત્ર ગ્રંથ સુશોભીત બાઇંડીંગથી તૈયાર કરાવેલ છે તે તથા બીજો ગ્રંથ આગમાનુસાર મુહૂપત્તિ નિર્ણય મુનિરાજ શ્રી મણિસાગરજી મહારાજની વતી ( આજ્ઞાથી ) આ ભેટના ગ્રંથ સાથે ફ્રી (મફત) મોકલવાનો છે.

આ વખતે આ બંને ગ્રંથો ઘણા મોટા હોવાથી પોસ્ટ ખર્ચ કંઇ વિશેષ થાય ( ૦–૬–૦ થશે ) તે સ્વાભાવિક છે. જેથી એ વર્ષના લવાજમના રૂા. ૨–૮–૦ અને વી. પી. પોસ્ટેજ ચાર્જ મળી રૂા. ૨–૧૪–૦ વી. પી. થશે; તે અશાડ વદી ૮ થી બંને ગ્રંથો અમારા માનવંતા ગ્રાહકોને ( લવાજમ વસુલ કરવા ) વી૦ પી૦ થી રવાના કરવામાં આવશે. જેથી મેહેરબાની કરી દરેક ગ્રાહકો દર વર્ષની જેમ આ વખતે પણ સ્વીકારી લેશે એવી વિનંતિ છે. ગ્રાહક સિવાયના બંધુઓને પ્રથમ ગ્રંથની કિંમત રૂા. ૨–૦–૦ આપવી પડશે.

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૩ ऐन्द्र स्तुति ( संस्कृत )
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
૬ श्री वसुदेव हींडी प्राकृत.
७ विलासवईकहा अपभ्रंश छाया साथे.

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસિક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. નંબર ૧–૪–૫ ના ગ્રંથોમાં સહાયની આવશ્યકતા છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. अषाड. आत्म संवत् ३३. { अंक १२ मो.

## अशरण भावना. ( ले० अजितसागर सूरि )

( ठुमरी रागेण गीयते )

कोऽपिन शरणं कोऽपिन शरणं, प्राणान्ते तव प्राणिरे ।
ब्रह्मदत्तचक्री म्रियमाण, स्त्रातः केन नरेणरे. ॥ कोऽपि० ॥ १ ॥
जननी जनक सुतादिजनेषु, पश्यत्सु निज बन्धुरे ।
यमदूता निर्दयता भाजो, यान्ति गृहीत्वा सद्योरे. ॥ कोऽपि० ॥ २ ॥
इन्द्रादिक देवानपि मरणं, जहति न दुःख प्रयाणंरे ।
पाण्डव कौरव दशवदनानां, मरण महो सुमतीनां रे ॥ कोऽपि० ॥ ३ ॥
मरण भयेन विनश्य जनानां, भूतल जलधि गतानां रे ।
काल मटेन कुतोऽपि गतेन, विहितं निर्दय ग्रसनं रे. ॥ कोऽपि० ॥ ४ ॥
आमय पीडित राजकुमार स्त्रस्यन्मीन समानो रे ।
अशरण भावनया निःसृतवान्, अनाथ मुनि विख्यातोरे ॥कोऽपि०॥ ५ ॥
अशरण दीन जनानां शरणं, शान्ति जिनेश्वर चरणं रे ।
रक्षितवान् पारापतमीशो, यो मुनिगण स्मरणीयं रे. ॥ कोऽपि० ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भवसागर गत दुःख मनेकं, मनसि विचिन्त्य निकामं रे ।
अजित पदं भज चेतन ! सततं, परमाऽमृत सुख कन्दरे. ॥कोऽपि०॥७॥

## જિન ભકતોને.

( શ્રીપારસ પ્રતિમા સિદ્ધગિરિમાં મહિતલ મહિમા વિસ્તરણી–એ રાગ )

સહુ જૈનો પ્રેમે આવો ખંતે, પ્રભુજીના દર્શન કરવા;
અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સહુ ગુણ વર્ણવવા.
રે ભજન કીધે એકાગ્ર ચિત્તથી, પ્રભુની તમપર મ્હેર થશે;
દુખડાં ટળશે સુખડાં મળશે, જોતું કરતું આવી મળશે. (૧)
સુતાં ઉઠતાં દુઃખમાં સુખમાં, પ્રભુજી કદિયે નવ વિસરશો;
યદિ જાવ ગમે ત્યાં પરદેશે પણ પાલન ધર્મતણું કરજો;
ચાહે ગમે તેવા દુઃખોમાં, ધર્માસ્થા ઢીલી ના કરશો;
પ્રભુજીને ઘટ મંદિરમાં સ્થાપી, ખંતેથી ભજનો કરજો. (૨)
યદિ જાવ ગમે તેવા દેશે પણ, પ્રભુ ભક્તિ નવ ભૂલી જશો;
જો હોય ન દહેરૂં પ્રભુજીનું તો, ઘટમંદિરમાં પ્રભુ સ્મરજો;
તમ ધર્મ સ્તંભ સુ સાધુજીઓને, નિત્ય સમાગમ દાખવજો;
એ રીતે ઉજ્વલ જૈન ધર્મનાં, મહિમા જગને વર્ણવજો. (૩)
સાતે વ્યસનોથી અળગા રહેજો, દુષ્ટ સંગ જરી નવ કરજો;
ને જીવ દયાને સુત્ર બનાવી, ભૂત માત્રની દયા કરજો;
રે નાના જીવની રક્ષા કરીને, મોટા જીવને ના હણજો;
એ રીતે પરધર્મી કેરા, સહુ આક્ષેપો જલદી હરજો. (૪)
રે કતલો સહુ અટકાવા માટે વિદેશી વસ્ત્રો સહુ તજશો;
હસ્તે કાંતેલી સાળે વણેલી, પવિત્ર ખાદી વાપરજો;
એ રીતે ભારતનાંજ સનાતન હુન્નરની રક્ષા કરજો,
ને એ રીતે તમથી બનતી, તમ દેશતણી સેવા કરજો. (૫)
રે છેલ્લે મારી અર્જ એટલી, ગ્રહી શકો તેવું ગ્રહજો;
ને ધર્મતણી વળી દેશતણી, તમથી બનતી રક્ષા કરજો;
રે સ્વર્ગેથી તમ દેશે સહેજે, ઝટ નંદનવન ઉતરશે;
દુઃખડાં ટળશે સુખડાં મળશે, પ્રભુજીની તમપર મ્હેર થશે. (૬)

કેશવલાલ લક્ષ્મીચંદ—ઘાટકુપર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગ્યાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૭૦ થી શરૂ )

૫૬.—વિમલનાથ ભગવાનને છપન્ન ગણો અને છપન્ન ગણધરો હતા.

૫૭.—મલ્લિનાથ ભગવાનને મનઃપર્યવજ્ઞાનવાળા સત્તાવન સો (શિષ્યો) હતા.

૫૯.—સંભવનાથ ભગવાન ઓગણસાઠ લાખ પૂર્વસુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી અણગાર થયા. મલ્લિનાથ ભગવાનને ઓગણસાઠ સો અવધિજ્ઞાનીઓ હતા.

૬૦.—વિમલનાથ ભગવાન સાઠ ધનુષ્ય ઉંચા હતા.

૬૨.—વાસુપુજ્ય ભગવાનને બાસઠ ગણો અને બાસઠ ગણધરો હતા.

૬૩.—ઋષભદેવ ભગવાન કૌશલિક ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજપદે રહ્યા અને પછી લોચ કરીને અણગાર થયા.

૬૪.—દરેક ચક્રવર્તિને ચોસઠ લઠીવાળો મોંઘો મુક્તામણિહાર હોય છે.

૬૫.—સ્થવિર મૌર્યપુત્ર પાંસઠ વર્ષ સુધી ગૃહસ્થપણે રહ્યા પછી લોચ કરી અણગાર થયા.

૬૬.—શ્રેયાંસનાથ ભગવાનને છાસઠ ગણો અને છાસઠ ગણધરો હતા.×૮

૬૮.—ધાતકીખંડમાં અડસઠ ચક્રવર્તિ વિજયો છે અને અડસઠ રાજધાનિઓ છે, ત્યાં ઉત્કૃષ્ટપણે અડસઠ્ઠ અરિહંતો થયા છે થાય છે અને થશે. એજ પ્રમાણે ચક્રવર્તિ બળદેવ અને વાસુદેવ માટે પણ (અડસઠ હોય છે એમ) સમજવું. પુષ્કરવર દ્વીપાર્ધમાં અડસઠ વિજયો હોય છે. યાવત્–' અડસઠ રાજધાનિઓ. તીર્થંકરો ચક્રવર્તિ બળદેવ અને ' વાસુદેવો હોય છે. વિમલનાથ ભગવાનના સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા અડસઠ હજારની હતી.

૭૦.—શ્રમણ ભગવાન મહાવીરના સાધુઓ વર્ષાઋતુમાં એક મહિનો અને વીશ રાત્રિ ગયા પછી અને સિત્તેર રાત્રિ દિવસ શેષ રહેતા વર્ષા સ્થાનમાં વસે છે ( પર્યુષણા કરે છે ). પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાન સંપૂર્ણ સીત્તેર વર્ષ સુધી દિક્ષા પર્યાય પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા યાવત્....સર્વ દુઃખોનો નાશ કરનારા થયા, વાસુપૂજ્ય ભગવાન સીત્તેર ધનુષ્ય ઉંચા હતા.

૭૧.—અજીતનાથ ભગવાન એકોત્તેર લાખ પૂર્વ સુધી ગૃહસ્થપણે રહ્યા

૮×આવશ્યક સૂત્રમાં શ્રેયાંસનાથના ગણધરો છોંતેર કહ્યા છે.—ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી લોચ કરી અણુગાર થયા. એજ પ્રમાણે સગર ચક્રવર્તિ પણ એકોતેર લાખ પૂર્વ યાવત....( ગૃહસ્થપણે રહી. ) અણુગાર થયા.

૭૨—શ્રમણ ભગવાન મહાવીર બોંતેર વર્ષનું સર્વ–આયુષ્ય પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા યાવત્....( મુક્ત થયા પરિનિર્વાણવાલા થયા અને સર્વ દુખોને ) નાશ કરનારા થયા. સ્થવિર અચલભ્રાતા બોંતેર વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પાળીને સિદ્ધ થયા. યાવત્–સર્વ દુખ રહિત થયા.

૭૩.—વિજય બળદેવ તોંતેરલાખ વર્ષનું સર્વ-આયુષ્ય પાળીને સિદ્ધ થયા યાવત–સર્વ દુ:ખ રહિત થયા.*૯

૭૪.—સ્થવિર અગ્નિભૂતિ **ગણધર** ચુમોતેર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા. યાવત–સર્વ દુખ રહિત થયા.

૭૫.—પુષ્પદંત સુવિધિનાથ ભગવાનને પંચોતેરસો કેવલીઓ હતા. શીતલનાથ ભગવાન પંચોતેર હજાર પૂર્વ સુધી ગૃહસ્થપણામાં રહ્યા અને પછી લોચ કરી અણુગાર થયા. શાંતિનાથ ભગવાન પંચોતેર હજાર વર્ષ સુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી લોચ કરી અણુગાર થયા.

૭૭.—ભરત ચક્રવર્તિ સત્યોતેર લાખ પૂર્વ સુધી કુમાર ( યુવરાજ ) પણે હતા અને પછી **મહારાજાના** પદે અભિષેક કરાયા. **અંગવંશના** સત્યોતેર રાજાઓ મુંડ થઈ અણુગાર થયા.

૭૮.—સ્થવિર **અકંપિત** અઠયોતેર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા. યાવત્–સર્વ દુખ રહિત થયા.

૮૦.—શ્રેયાંસનાથ ભગવાન એંશી ધનુષ્ય ઉંચા હતા. ત્રિપૃષ્ટ વાસુદેવ—અચલબળદેવ એંશી એંશી ધનુષ્ય ઉંચા હતા. ત્રિપૃષ્ટ વાસુદેવ એંશી લાખ વર્ષ સુધી મહારાજા પદે રહ્યો.

૮૧ —કુંથુનાથ ભગવાનના એકાશી સો મન:પર્યવ જ્ઞાની હતા.

૮૨.—શ્રમણ ભગવાન મહાવીર બાશીમો અહોરાત્ર ગયા પછી એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં **સંહરાયા.**

૮૩.—શ્રમણ ભગવાન મહાવીર બાશી રાત્રિ દિવસ જતાં ત્યાશીમો રાત્રિ દિવસ ( અહોરાત્રિ ) વર્તતો હતો, ત્યારે એક **ગર્ભમાંથી** બીજા **ગર્ભમાં સંહરાયા.** શીતલનાથ ભગવાનને ત્યાશી ગણો અને ત્યાશી ગણધરો હતા.*૧૦, સ્થવિર મંડિત પુત્ર ત્યાશી વર્ષનું આયુષ્ય પાળીને સિદ્ધ થયા. યાવત્–

૯* આવશ્યક સૂત્રમાં વિજય બળદેવનું આયુષ્ય પંચોતેર લાખ વર્ષનું કહ્યું છે–ટીકાકાર.

*૧૦ આવશ્યક સૂત્રમાં શીતળનાથ ભગવાનના એકાશી ગણધરો કહ્યા છે.–ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ દુખ રહિત થયા. *ઋષભદેવ ભગવાન કૌશલિક ત્ર્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી લોચ કરી અણુગાર થયા. ભરત ચક્રવર્તિ ત્ર્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી જીન થયા. કેવલી સર્વજ્ઞ અને સર્વ ભાવદર્શી થયા.

૮૪.—ઋષભદેવ ભગવાન્ કૌશલિક ચોરાશી લાખ પૂર્વનું સંપૂર્ણ આયુષ્ય પાળીને સિદ્ધ થયા, બુદ્ધ થયા યાવત્–દુઃખ રહિત થયા. એજ રીતે ભરત બાહુબળિ બ્રાહ્મી અને સુંદરી. શ્રેયાંસનાથ ભગવાન ચોરાશી લાખ વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા. યાવત્–દુઃખ રહિત થયા. ત્રિપૃષ્ટ વાસુદેવ ચોરાશી લાખ વર્ષનું સર્વ આયુપાળીને અપ્રતિષ્ઠાન નારકમાં નારકીપણે ઉત્પન્ન થયો, ઋષભદેવ ભગવાન કૌશલિકને ચોરાશી હજાર સાધુઓ હતા.

૮૬.—પુષ્પદંત–સુવિધિનાથ ભગવાનને છયાશી ગણો અને છયાશી ગણધરો હતા. સુપાર્શ્વનાથ ભગવાનને છયાશીસો વાદીઓ હતા.

૮૯.—ઋષભદેવ ભગવાન કૌશલિક આ અવસર્પિણી કાળના ત્રીજા સુષમ દુઃષમ આરામાં અંત ભાગના છેલ્લા નેવ્યાશી પખવાડીયા બાકી રહ્યા ત્યારે કાલધર્મ પામ્યા. યાવત....( અન્તકર્યો સિદ્ધ થયા બુદ્ધ થયા મુક્ત થયા ) સર્વ દુખ રહિત થયા. શ્રમણ ભગવાન મહાવીર આ અવસર્પિણી કાળના દુઃષમ સુષમ નામે ચોથા આરાના અંતભાગમાં નેવ્યાશી પખવાડીઆ બાકી રહ્યા ત્યારે કાલધર્મ પામ્યા. યાવત....સર્વ દુઃખરહિત થયા. હરિષેણ ચક્રવર્તિ નેવાશી સો વર્ષ સુધી મહારાજા પદે રહ્યો. શાંતિનાથ ભગવાનને આર્યાઓની ઉત્કૃષ્ટ સંપદા. નેવાશી હજારની હતી.*૧૧

૯૦.—શીતલનાથ ભગવાન નેવું ધનુષ્ય ઉંચા હતા. અજીતનાથ ભગવાનને નેવું ગણો અને નેવું ગણધરો હતા. એજ રીતે શાંતિનાથ ભગવાનને પણ. *૧૨ સ્વયંભુ વાસુદેવે નેવું વર્ષ પૃથ્વીનો વિજય કર્યો.

૯૧.—કુંથુનાથ ભગવાનને એકાણુંસો અવધિજ્ઞાનીઓ હતા.

૯૨.—સ્થવિર ઈંદ્રભૂતિ (ગણધર) બાણું વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા.

૯૩.—ચંદ્રપ્રભ ભગવાનને ત્રાણુ ગણો અને ત્રાણુ ગણધરો હતા.

* આવશ્યક સૂત્રમાં મંડિતપુત્ર ગણધરનો ગૃહસ્થપર્યાય ત્રેપન વર્ષનો કહ્યો છે. તે જરા વિચારવા જેવું છે.—સૂત્ર ૬૫ ની ટીકા.

*૧૧ આવશ્યક સૂત્રમાં ૬૧૬૦૦, આર્યાઓ કહી છે જે મતાંતર છે.—ટીકાકાર.

*૧૨ આવશ્યક સૂત્રમાં અજીતનાથ ભગવાનના પંચાણુંહજાર અને શાંતિનાથ ભગવાનના છત્રિશ હજાર ગણધરો કહ્યા છે.—ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિનાથ ભગવાનને ત્રાણુસો ચૌદ પૂર્વી હતા.

૯૪.—અજીતનાથ ભગવાનને ચોરાણુસો અવધિજ્ઞાનીઓ હતા.

૯૫.—સુપાર્શ્વનાથ ભગવાનને પંચાણુ ગણો અને પંચાણુ ગણધરો હતા. કુંથુનાથ ભગવાન પંચાણુ હજાર વર્ષનું પરમાયુ પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા. યાવત્-સર્વ દુઃખરહિત થયા. સ્થવિર મૌર્યપુત્ર પંચાણું વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા. યાવત્-સર્વ દુઃખરહિત થયા.

૯૬.—દરેક ચક્રવર્તિને છન્નુ છન્નુ ક્રોડ ગામો હતા.

૯૭.—હરિષેણુ ચક્રવર્તિ કાંઇક ઓછા એવા સત્તાણું સો વર્ષ સુધી ગૃહસ્થ પણે રહ્યા અને પછી લોચ કરી અણુગાર થયા. (ચાલુ.)

## પ્રત્યક્ષ પ્રશમ સુખ—
## પુરૂષાતનવંતને અહીંજ મળે છે.

૧ પ્રશમ જનિત અવ્યાબાધ સુખના અભિલાષી હોઇ ચારિત્ર-ધર્મમાં સુસ્થિત એવા સંત સાધુજનને સર્વદેવને મનુષ્ય યુકત આ લોકમાં શી ઉપમા આપી શકાય ?

૨ સ્વર્ગનાં સુખ પરોક્ષ છે અને મોક્ષ સુખ તો વળી અત્યન્ત પરોક્ષ છે ત્યારે પ્રશમ સુખ પ્રત્યક્ષ છે અને તે સ્વાધીનને સહેજે પ્રાપ્ત થઇ શકે એવું છે. કોને ? તે કહે છે.

૩ મદ-માન-અહંકાર અને કામ વિકારને ટાળનારા તથા નિર્મળ મન, વચન કાયાને ધારણ કરનારા અને પરની આશા તૃષ્ણાને મારનારા એવા સુવિહિત સર્વજ્ઞદેશીત સંયમને સેવનારાઓને અહીંજ મોક્ષ છે.

### ખરૂં તત્ત્વ.

૧ માથું મુંડાવ્યા માત્રથી સાધુ થવાતું નથી. ૐકારનો ઉચ્ચાર કરવા માત્રથી બ્રાહ્મણ થવાતું નથી. અરણ્યવાસ સેવવા માત્રથી મુનિ થવાતું નથી અને ભગવાં વસ્ત્ર કે વલ્કલ ધારવા માત્રથી તાપસ થવાતું નથી.

૨ સમતા રસમાં ( શાન્ત ઉપશમ ભાવમાં ) ઝીલવાથી સાચા સાધુ-શ્રમણ થવાય છે, શુદ્ધ બ્રહ્મચર્યને પાળવાથી ખરા બ્રાહ્મણ થવાય છે. આત્મજ્ઞાન ( અધ્યાત્મ લક્ષ્ય ) પામવાથી મુનિ-ભાવ નિગ્રંથ થઇ શકાય છે. અને વિવેકપૂર્વક તપ કરવાથી ખરા તાપસ બની શકાય છે.

૩ બ્રહ્મચર્યાદિક શુદ્ધ કરણી વડે **બ્રાહ્મણ,** શરણાગત નિર્બળનું રક્ષણ કરવાથી **ક્ષત્રિય,** શુદ્ધ વ્યવસાય વડે **વૈશ્ય** અને અન્યની ઓશીયાળી-તાબેદારી વડે **શુદ્ર** કહેવાય છે. ઈતિશમ્

લે૦ સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રેખા સૂત્રો.

( ગતાંક પૃષ્ટ ૨૫૧ થી શરૂ )

૩૦ દુ:ખની કુદરત ખરીરીતે સમજવાની શકિત આગલ છે દુ:ખ એ અંધકાર છે અને સુખ એ પ્રકાશ છે.

૩૧ દુ:ખ એ કંઇ તમારી બ્હારનો દૃષ્ય પદાર્થ નથી એતો તમારા પોતાના અંત:કરણનો અનુભવ છે.

૩૨ જુદા જુદા પદાર્થોનો સ્વભાવ અને તેના પરસ્પરનો સંબન્ધ એ બેની સમજવાની ખામીને લીધે દુ:ખ ઉત્પન્ન થાય છે.

૩૩ હદ વગરના સુખપર અહંપદથી નખાએલો ક્ષુદ્ર પડછાયો છે તેમ સુખનો અસીમ પ્રકાશ અને ત્હારૂં સ્થુલ શરીર વચ્ચે રાહુરૂપી સ્વમનોકામના આડી આવે છે.

૩૪ મહાવીરનો હું અંશ છું એ સ્ફુરણ થતાં મને મારા સિવાય દુ:ખ દેનાર વિશ્વમાં કોઇ છે નહિ.

૩૫ શત્રુ તરીકે વર્તનારના પ્રયાસો ધુડપર લીંપણ સરખા નિવડે છે.

૩૬ હે મનુષ્ય ? અહંપદનો ક્ષણિક પડછાયો છે અને ત્હારી દુનિયાએ ત્હારી પ્રતિ છાંયા છે. આ કુદરતનો કાયદો સમજવો તેનેમાન આપવું એનું નામ સમતા.

૩૭ તમે તમારી ઇચ્છા પ્રમાણે બાહ્ય સ્થિતિ સુધારવા સમર્થ છો, માત્ર એટલી જ સરતે કે તમારી આંતરિક જીંદગી સુધારવા તમારે દ્રઢ ઠરાવ કરવો પડશે.

૩૮ શ્રદ્ધા ને જ્ઞાનમાં મજબુત થાઓ એટલે તમે પોતે પોતાને લાયક બનાવી શકશો.

૩૯ તમારા મનને જેવો આકાર આપશો તેવું તમારૂં ભવિષ્ય બંધાશે. તમેજ તમારા ભાગ્ય-નસીબના કડીયા છો ગરિબાઇની કાલી જમીનમાં ઉત્તમ પુરૂષ રૂપી પુષ્પ ખીલે છે.

૪૦ ગુલામીની સપાટીથી ઉંચે ધ્રુવના તારા તરફ નજર કરો. જુલ્લમ તે શિક્ષણનું પહેલું પગથીયું છે. જે આજે જુલ્લમ ગુજારે છે તે કાલે જુલ્લમ સહશે.

૪૧ ખરાબ સંજોગોનો લાભ લહી તેમાંથી માનસિક અને આત્મિક બળ કેળવો

૪૨ વિકારમય આત્માની ગુલામીમાં તો તમો નથી ? અંદર તપાસો અને નુકસાન તે પોતાની ભુલનું જ પરિણામ છે. હૃદય શુદ્ધિ શીવાય આબાદિ થતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૩ લક્ષ્મી માટે જંખના કરવી તે મુર્ખતા છે, બ્હારની લક્ષ્મીવડે દુઃખમાં પડાય છે, પરન્તુ નિતિ દેવી જ્યાંસુધી લક્ષ્મીને સમજાવીને પાસે લાવે નહિ ત્યાં સુધી લક્ષ્મી દેવી તમારી પાસે લાંબો વખત નહિ ટકે.

૪૪ સુખ બાહ્ય સંજોગોપર નહિ પણ આંતરિક સ્થિતિ પર આધાર રાખે છે અને પરિપકવ સમયે આપોઆપ આબાદિ આવી ભેટે છે.

૪૫ આત્મિકજ્ઞાનનો ધીમે પણ મક્કમ પગલે વધારો કરો. સર્વ જ્ઞાનમાત્ર આત્મ નિગ્રહ મારફતેજ મળી શકે છે.

૪૬—જેટલા પ્રમાણમાં એક મનુષ્ય સંયમ પાળે છે ( આત્મ નિગ્રહ ) કરે છે તેટલા પ્રમાણમાં તે બાહ્ય સંજોગો પર કાબુ મેળવવામાં સમર્થ બને છે.

૪૭—ઈચ્છિત પદાર્થ * સામે ગતિ કરો; તેમ આગલ પાછલનું બધુ એકઠું થએલ એક જગ્યાએ ભેગું થાય છે તેને પચાવવા અથવા હઠાવવા શ્રદ્ધા અને નિશ્ચય એ જીંદગીના મુખ્ય પાયાનો ઉપયોગ કરવો.

૪૮—મનો શાન્તિ પ્રાપ્ત થાય કે તરત તેનો લાભ લેવો જોઇએ, નહિતર ચિંતા નાની બારીએથી પ્રવેશ કરે છે ત્યારે બુદ્ધિ ચતુરાઈ મોટા દ્વારેથી છટકી પલાયન કરી જાય છે.

૪૯—આક્ષણિક તરંગોપર જય મેળવવો તે સોનેરી દોરીમાં રત્ન ગ્રન્થિત ગ્રહણ કરવા બરોબર છે; જેમ ક્ષણિક તરંગોપર અંકુશ મેળવશો તેમ પોતામાં એક નવી શકિત ઉત્પન્ન થશે.

૫૦—શરિરની સ્થિતિનો ઘણો આધાર મનુષ્યના શુભ વિચારોપર રહેલો અને માંદગી તે ગુસ્સે થયેલા ઇશ્વરનો દંડ નથી તેમ વિધાતાની કસોટી નથી પણ સ્વયં પાપનું પરિણામ છે.

૫૧—જેનું પવિત્ર મનોબળ ચારે બાજુએ ફેલાયેલ છે તેના શરીરથી રોગ દુર નાસે છે. સંપુર્ણ રોગથી બચવા માગતા હોતો પર-અપર વિચારોને પરસ્પર સંગીન બનાવો.

૫૨—પ્રસન્નતાના પવિત્ર વિચારોને મનમાં દાખલ કરો, નસેનસમાં શુભેચ્છાનો ધોધમાર પ્રવાહ બ્હેરાવો-ઇર્ષ્યા દૂર કરો. વહેમનો ત્યાગ કરો. ચિંતાને દેશવટો આપો સ્વાર્થાધંતાને ધક્કો મારો. ને સાથેજ અજીર્તા-પીત્ત પ્રકૃતિ દુર્બળતાદિ સર્વ દુઃખ જડ મુળથી જાશે.

૫૩—આપણા વિચારોને વ્યવસ્થાસર ગોઠવતા શીખો, અર્થ ગાંભિર્યથી યુકત " ત્યાગ કરો " આ :વાકયને છાતીપર કોતરી રાખો. શ્રદ્ધા ઉપર વિજય, વાવટો ફરકાવો આ પ્રમાણે કરવાથી સદ્ વિચારોને સત્પ્રયત્નોના પરિણામરૂપ તમને અવશ્ય શુભ ફલ પ્રાપ્ત થશે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૪—કેવલ ઈચ્છા કરવાથી નિરાશા સિવાય, કાંઇ પ્રાપ્ત થતું નથી. નસીબ ગમે તેવું વિચિત્ર હોય પણ નસીબને બનાવનાર વિધાતા તમો પોતે છો તો સારૂં બનાવી શકશો.

૫૫—નાના કાર્યો સ્હેલાઇથી પાર પાડતા શીખો તો મ્હોટા કાર્ય કરવાની શકિત તેની મેળે પ્રાપ્ત થશે. માટે તમારા મનોબળ એકત્ર કરી એકજ બાબત-પર વાપરતા શિખો, નિસ્વાર્થી બની કાર્ય પછાડી પડો જેથી તમારો પ્રભાવ–વિજય ચિર સ્થાયી આદર્શ બનશે.

૫૬—જો મહાન્ શકિત મેળવવા ઇચ્છતા હો તો મૌન, ગાંભીર્ય અને ધૈર્ય ધારણ કરવાની સૌ કરતાં વિશેષ જરૂર છે. સાથે સાથે વિકારોની જે સમયે અસર થાય તે વખતે શાન્ત અડગ રહી શકે છે, તેજ ખરો સામર્થ્યવાળો ધીર પુરૂષ કહી શકાય છે.

૫૭—જગતના ભલા માટે કાર્ય કરનારી શકિતઓ સાથે ઓતપ્રોત થઇ કાર્ય કરનારોજ કાર્ય કરી શકે છે. પરન્તુ **संशयात्मा विनश्यति** જેના મનમાં સંશય પેદા થાય છે તે મનુષ્ય પોતાના કાર્યમાં આરપાર જઇ શકતો નથી.

૫૮—સુખ ને દુ:ખનો વસ્તુના અભાવમાં કે બાહ્ય વસ્તુ ઉપર આધાર હોતો નથી તેમ, અજ્ઞાનતાથી ઉદ્ભવેલી ને સ્વાર્થથી બલીષ્ટ બનેલી માન્યતા દુ:ખરૂપ છે અને દુ:ખનું મૂળ કારણ સ્વાર્થ છે.

૫૯—કામાદિ શત્રુઓ પોતાના સેવકો પાસેથી અધિક સેવાની આશા રાખે છે.

૬૦—ઈચ્છા માત્રનો ત્યાગ કરવો તે સ્વર્ગનો સાક્ષાત્કાર છે. ક્ષણિક દ્રવ્યોપર રાગ ધરવાનું–તલસવાનું છોડો તો શાશ્વત વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

૬૧—સ્વાર્થાંધ અને સ્વાર્થ વિચારોથીજ સુખના દ્વાર બન્ધ રહે છે. પરન્તુ સ્વાર્થાંધતાદિ છોડો તો સર્વ સુખનું રહસ્ય સાથે તમે સુખના ઉંચામાં ઉંચા શિખરપર પહોંચી શકશો અને સુખ દેવી સ્વયં બોલી ઉઠશે કે આજથી હું તારી છું. ત્હારા સુંદર વિચારો કાર્યોથીજ તને વશ થયેલ છું.

૬૨—સુખની માફક વૈભવનો આધાર આંતર ગુણોપર રહેલ છે. એ ખીલ-વશો તો વાદળ રહિત આનંદ પ્રકાશમાં મસ્ત થઇ ક્રીડા કરી શકશો.

૬૩—પ્રેમ અને સદ્ગુણોના સનાતન નિયમમાં સંપૂર્ણ વિશ્વાસ રાખો–જગત્ પીતા 'મહાવીર' બુદ્ધ–તથા પયગંબરે પરમ તત્વ ઉપર શ્રદ્ધા રાખી હતી તેથીજ " હું તે પરમ તત્વ છું " એ વાકય વિદ્યુત જેમ મુખથી બ્હાર પડેલ છે. ઇસુએ પણ હું અને મારો પિતા એક છીએ તે પણ શ્રદ્ધાથીજ. માટે આકર્ષણ શકિત જોઇતી હોય તો પરમ તત્વ પ્રકાશમાં લાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૪—નિરંજન પ્રભુ મહાવીરે પણ ધ્યાનમાં મગ્ન થઇ એવું સિદ્ધ કર્યું કે **अप्पा सो परम अप्पा** આત્મા તેજ પરમાત્મા છે. મુસ્લીમ ભકત કવિ મનસુરે જાહેર કર્યું કે **અનલ હુક**–હું તે સુખી છું. હિન્દુ યોગીઓએ तत्व मसि–તુંજ તે છે આવા વાકયો આત્મ સંશોધકોએ પ્રગટ કરેલ છે.

# વિજળીના ઝબકારે.

( લેખક:—મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ, વઢવાણ કેમ્પ. )

જ્ઞાની પુરૂષોનું કથન છે કે “ વિજકે ઝણુકે મોતી પ્રોઇલે તું પ્રોઇલે ” એ સુંદર વૈરાગ્યમય વચન ઉપર વારંવાર વિચાર કરવાની બહુજ જરૂરીયાત સર્વ માટે લાગે છે. જેમ અષાડ માસમાં ક્ષણે ક્ષણે વિજળી ઝબક ઝબક થતી હોય છે અને તે અરસામાં પૂર્ણ ચીવટ રાખી હોય તોજ તેની લાઇટમાં કે પ્રકાશમાં મોતી પરોવી લેવું હોય તો પરોવી લેવાય છે. તેમ જીવનમાં આત્મ–કલ્યાણ સાધવા માટે પણ એ ઉપનય ઉતારવો ઘટે છે.

વિજળીનો ઝબકારો ક્ષણમાં આવ્યો અને ક્ષણમાં અદ્રશ્ય થઇ ગયો, જે વખતે પ્રકાશ હાથ લાગ્યો તે વખતે કામ કાઢી લીધું હોય તો ફળીભૂત થયું ગણાય, તેમ આપણી જીંદગાનીના ક્રમમાં આત્મ–સાધન સાધી લેવા પળે પળે જાગ્રત થઇ કાંઇને કાંઇ ધર્મ–કરણી કરી લીધી હોય તો હાથ લાગેલા સમયની સાર્થકતા થઇ ગણાશે ! પ્રમાદમાં પડી રહી જીવનની ઉન્નતિ માટે જો કાંઇ પણ કરીશું નહિ તો સાંપડેલો સમય ચાલ્યો જશે, એતો વિજળીના ઝબકારાની માફક વ્યતીત થઇ જશે, અને પાછળથી પૂર્ણ પસ્તાવું પડશે !

જેમ આકાશમાં પૂર્ણ અંધી ચડી ગઇ હોય ત્યારે કાંઇ પણ દેખાતું નથી, કાંઇ પણ સુઝતું નથી કે શું કરવું એની ગમ પણ પડતી નથી અને માત્ર અંધારામાં ગોથાં ખાઇ આમ તેમ આથડતાં આથડતાં જો વિજળીનો ઝબકારો થઇ ગયો તેમાં ઇષ્ટ સ્થાનક મેળવી લીધું, અગરતો ઇષ્ટ કાર્યની સિદ્ધિ કરી લીધી તોજ ઠીક છે, એમ સમજીને સંપૂર્ણ તૈયારી કરી એ રીતે કાર્ય સફળતા જેમ કરી લઇયે છીયે તેવીજ રીતે આ જીવન ક્ષણભંગુર છે ! અજ્ઞાનની અંધી ચોતરફ છવાઇ રહી છે ! પ્રમાદના સેવન આડે કાંઇ ગમ પડતી નથી ! એવા પ્રસંગે સજ્જ થઇને જ્ઞાન–રૂપ વિજળીના ઝબકારે જાગી જઈને આત્મ–કલ્યાણમાં તત્પર થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવું એ સમજાય તો જ કાર્યની સિદ્ધિ થઇ ગણાય, તોજ જીવનની સાર્થકતા કરી ગણાય, તોજ ક્ષણભંગુર દેહમાંથી અજરામરતા પ્રાપ્ત કરી શકાય અને તોજ ખરેખરા ચેત્યા એ જાણી શકાય ! નહિતો આવ્યા અને ગયા એ રીતે ભવ-ચક્રનો એક આંટો વધ્યો કહેવાશે !

જેમ વિજળીનો ઝબકારો પલકમાં પલટી જાય છે, તેમ આ જગત્‌ની સર્વ વસ્તુનો પલટો પલકમાંજ સમજી લેવાનો છે. નિશ્ચયથી સમજી લેવાનું છે કે નથી રહેવાની એ મ્હેલાતો કે નથી રહેવાની એ ઠકુરાઇ ! નથી ટકવાની એ સુખ સાહ્યબી કે નથી ટકવાની એ માયા-લક્ષ્મી ! સર્વ અહિંજ પડયું રહેવાનું છે. આપણે મોહ વશાત્ નહિ મૂકીયે પરંતુ એક વખત તો અંતે સર્વ મુકવાનુંજ છે, એમ સમજી અસારમાંથી સાર મેળવવા ઉત્સુક થવું જરૂરનું છે. સુંદર દેહ પામ્યા, છતી ઋદ્ધિ-સિદ્ધિમાં જામ્યા, ધર્મની અનુકૂળ સામગ્રી મેળવી, બધું બરાબર રીતે પ્રાપ્ત કર્યું છતાં એ સામગ્રીથી ધર્મવસ્તુ મેળવવા દુર્લક્ષ રાખ્યું તો પછી શું કામનું ?

વિજળીના ઝબકારાની માફક એક ક્ષણવારમાં આત્મ-કલ્યાણ કરી લીધાના દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે. ચિલાતિપુત્રના એક હસ્તમાં સુસમાનું મસ્તક હતું, બીજા હસ્તમાં તલવાર હતી, અને મુનિ મહારાજ મળી જતાં આત્મ-જાગૃતિ થઇ જતાં "ધર્મ" નો મર્મ પૂછયો, મુનિવરે શાંતપણે "ઉપશમ, વિવેક અને સંવર" એ ત્રણ પદ બતાવ્યા, એ ઉપર ચિંત્વન ચલાવતાં, વિચાર કરતાં કરતાં અને ઉહાપોહ કરતાં, સમતાભાવે રહીને કરેલાં દુષ્કૃત્યોની નિન્દા કરવા લાગ્યો, ફરી ફરી ઉપશમ-વિવેક-અને સંવર યાદ કરી તેનો ઉપનય પોતાના આત્મામાં ઉતારવા લાગ્યો. અને ચેતનને સમજાવવા લાગ્યો કે 'હે દુષ્ટ આત્મા ! ત્હારા-પાપાચરણના અને અધમ કૃત્યના સામું નજર નાંખતા એ મહાન ઉપકારી મુનિવરે આપેલા ઉપશમ-વિવેક-અને સંવર તો ત્હારાથી હજારો ગાઉ વેગળાજ દીસે છે. અરે ! નફટ-નાદાન આત્મા ! આ અમૂલ્ય માનવદેહ શું આ રીતે પાપના કાર્યોમાં રાચી માચી રહેવા અર્થે છે ? બીલ્કુલ નહિ ! ચેત ! ચેતન ! જલ્દી ચેત !' આ વિજળીના ઝબકારાની માફકની સવેળાની ચેતવણીએ ચિલાતિપુત્રનું આત્મ-કલ્યાણ થઇ ગયું ! ચિલાતિપુત્રે એક ક્ષણમાં કામ કાઢી લીધું !

મહાત્મા સ્થુલીભદ્રજીનું ચરિત્ર શું સૂચવે છે ! તેમણે પણ વિજળીના ઝબકારાની માફક જલ્દી જાગૃત થઇ બારવર્ષનો વેશ્યા સાથેનો વિલાસ--પ્રેમ-એક ક્ષણમાં ત્યાગ કર્યો. રાજ્યવહીવટની મંત્રી-મુદ્રા મળવાના સમયે પોતાના પિતાશ્રીનું અકાળ મૃત્યુ થયું જાણીને અશોકવનમાં જઇ શું કરવું એ વિચાર ઉપર ચડતાં નિશ્ચય કર્યો કે આ સંસારની ખટપટો ખરેખર ખોટીજ છે. મંત્રીપણાનો હોદ્દો પ્રાપ્ત કર્યો હતો છતાં રાજાજીની કફામરજીના કારણે મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાશ્રીનું અકાળ મૃત્યુ નીપજ્યું તો પછી એવી ખોટી ધમાલ વધારવાથી શું ? એવી મંત્રી–મુદ્રા પહેરવાથી શું ? અને એવો મહાન બોજો માથે ઉપાડવાથી શું ! આ કરતાં તો આત્માને સર્વદા શાંતિ મળે, જગતની જંજાળ ટળે, અને આત્મિક સુખ ફળે, એવું ચારિત્ર કે જે ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે તે ગ્રહણ કર્યો હોય તોજ સારૂં છે. બસ આ એક ક્ષણમાં ઉદ્દભવેલા એમના વિચારે એમનો બેડો પાર કર્યો ! ચારિત્ર લઈ રાજ્યસભામાં આવી ધર્મલાભ આપી ઊભા રહ્યા. નંદરાજા આનંદ પામ્યો, સ્થુલીભદ્રજી ત્યાંથી ચાલી નિકળ્યા. આ બાજુ વેશ્યા પણ વાટલડી જોતી જ રહી. છેવટે સ્થુલીભદ્રજી ચાતુર્માસ ત્યાં વેશ્યાના ગૃહે તેજ ચિત્રશાળીમાં આવીને રહ્યા; અનેક હાવભાવ અને પ્રેમના વચનો વેશ્યાએ પ્રકાશ્યા, વિધ વિધ પ્રકારની રસોઇ વ્હોરી સંયમને અર્થે ખાધી, જુનો સંબંધ અને જુનો પ્રેમ વેશ્યાએ બહુ બહુ રીતે યાદ કરી બતાવ્યો, છતાં એ મુનિરાજનું મનડું ડોલ્યુંજ નહિ ! જ્ઞાન ધ્યાનમાંજ મગ્ન રહી આત્મકલ્યાણ સાધી લીધું અને છેવટે વેશ્યાને પણ પ્રતિબોધી. આ રીતે એક ક્ષણવારમાં સુવિચારે ચડી જતાં આત્મોન્નતિ કરી ગયા !

મહાનુભાવો ! એક ક્ષણમાં ચેતી જતાં અવળાનું સવળું કરી શકીયે છીયે. વિજળીના ઝબકારાની માફક જ આ આયુષ્યનું સમજી લેવાનું છે. વિજળીનો ઝબકારો જેમ એક ક્ષણમાં થઇ અદશ્ય થઈ જાય છે તેમ આપણું આયુષ્ય વહી જવાનું છે અને જે ગયું તે પાછું પ્રાપ્ત થવાનું નથી. માખીઓની પેઠે મધપુડા રૂપી જગતની જંજાળમાં જકડાઇ જતાં ધર્મ–સાધન કાંઇ થઇ નહિ તો પછી હાથ–ઘસ રહેવાની છે. અંતે તો પારાવાર પસ્તાવોજ કરવાનો છે.

એ માટે વારંવાર જાગૃત થઇ સવેળા ચેતી જઈ, ધર્મ–કરણીમાં ઉજમાળ રહેવું એજ હિતકર છે. અને " વિજકે ઝબુકે મોતી પ્રોઇલે તું પ્રોઇલે " એ ધ્યાનમાં રાખી આ ક્ષણભંગુર દેહમાંથી જેટલો લાભ–આત્મિક લાભ લેવાય તેટલો લઇ લેવા ચુકવું નહિ એ ભલામણ છે.

વિજળીના ઝબકારાની માફક એક ક્ષણમાં ફના બાજી થતી ઘણી વખત અનુભવીયે છીયે. તદ્દન નિરોગી શરીર હોય, પોતાના કામકાજમાં મશગુલ હોય અને હજારોને એક જીભે જવાબ દેતો હોય એવાને બીજી મીનીટે રોગગ્રસ્ત થઇ ગયાનાં અને પરવશ પડી હાય વોયમાં વેદના અનુભવ્યાના દાખલાઓ નજરે નિહાળીયે છીયે. અરે ! વધારે ઉંડો વિચાર કરીયે તો આપણી સાથે હરનારા–ફરનારા–ગમ્મત કરનારા–ઉઠનારા–બેસનારા અને આનંદ કરનારાને થોડીવારે આપણાથી વિમુખ થઇ આ દુનિયાનો ક્ષણમાં ત્યાગ કરી જતાં જોઇએ છીએ એટલે આ બધું દશ્ય તપાસી આપણું પણ એજ થવાનું છે, ઘડીની પણ ખબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, અને જીવનનો ભરૂસો ખોટો છે એ સમજી અવશ્ય ચેતી જઇ ધર્મ–ક્રિયામાં ઉજમાળ રહેવાની જરૂર છે.

ધન–ધાન્યાદિના ઢગલાઓ, બાગ કે બંગલાઓ, કે એવી મહાન ઋદ્ધિ–સિદ્ધિ ભલે હાજર હશે, પરંતુ એથી કાંઇ આત્મોન્નતિ લેશમાત્ર થવાનીજ નથી. આત્મોન્નતિ માટે તો એક સાચામાં સાચી અણમુલી વસ્તુ તે "ધર્મ" જ છે કે જે ભવાંતરનું ભાતું છે અને ઉચ્ચગતિમાં પહોંચાડનાર છે; એમ નિશ્ચયથી સમજી વારંવાર વિચાર કરી ધર્મ–સાધના કરી લેવા ચુકવું જ નહિ.

જેમ વિજળીનો ઝબકારો ક્ષણભર થઇ અદશ્ય થાય છે, તેમ આ જીવન ક્ષણભંગુર છે ! પલકમાં પલટાઇ જવાનું છે ! અંતે તો અદશ્ય જ થવાનું છે ! એમ સમજી જે ક્ષણ મળી ગઇ તે ક્ષણમાં આત્મ–કલ્યાણ કરી લેવા માટે અને સાચે સાચું સુખ મેળવવા માટે તત્પર થઇ હમેશાં એ માર્ગે જ ચાલ્યા જવું એમાં જ ઉન્નત્તિ છે અને એમાં જ સિદ્ધિ છે એ અવશ્ય સમજી લેવાનું છે ! વિજળીના ઝબકારે મોતી પરોવી લેવાની ચીવટથી અધિક ચીવટ આ જીવનની ઉન્નતિ માટે સર્વદા રાખવાની છે ! ...............अस्तु !

## જૈનધર્મ.

( ગતાંક પૃષ્ટ ૨૭૨ થી શરૂ. )

### તત્વ ત્રયી.

જૈનદર્શનનું સ્વરૂપ સમજવા સારૂ આ 'તત્વત્રયી' કહેતાં ત્રણ મુખ્ય તત્વો જાણવાની જરૂર છે. જ્યાંલગી એ ત્રણ તત્ત્વોનું યથાર્થ નિરીક્ષણ કર્યું ન હોય, ત્યાંસુધી આગળ વધવું એ વૃષભ જોડયા વિનાના ગાડામાં બેસી માર્ગ કાપવાની ઇચ્છા રાખવા બરાબર છે. જેમ વૃષભ યુકત શકટ ઇપ્સિત સ્થળે પહોંચાડે છે તેમ આ ત્રણ તત્વોની યથાર્થ સમજ ધર્મ સંબંધી બીજુ દરેક પ્રકારનું રહસ્ય સમજાવવાને આત્માને ભાગ્યશાળી બનાવે છે અર્થાત્ એવી લાયકાતનું ભાજન બનાવે છે. વળી એક રીતે કહીયે તો આ ત્રણે તત્વોમાંજ સારાયે જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન અથવા તો સમગ્ર વિશ્વની રહસ્યમય બાબતો સમાઇ જાય છે. દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મત્ત્વ રૂપ અનુક્રમે તેના નામો છે. દેવ તત્ત્વમાં દેવ કોણ હોઇ શકે ? કેવા પ્રકારના હોઇ શકે ? દેવ છે એમ સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીત કરવાના સાધનો આદિ વસ્તુનો વિચાર આવે છે. દેવ તેજ હોઈ શકે કે જેનામાંથી દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, કામ, અજ્ઞાન, મિથ્યાત્વ, નિંદ્રા, અવ્રત રાગ અને દ્વેષ રૂપ અઢાર મહાન્ દૂષણો સર્વથા નષ્ટ થઇ ગયા હોય અર્થાત્ જેમનામાંના એકાદનો એક અંશ સરખો પણ ન રહ્યો હોય. વળી જે અશોકવૃક્ષ, સુરપુષ્પ વૃષ્ટિ, દેવતાઇ ધ્વનિ, ચામર, આસન, ભામંડળ, દુદુંભિનાદ અને છત્રરૂપ આઠ પ્રાતિહાર્યની દેવતાઇ શોભાથી યુકત હોય અને જેમનામાં જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમ અતિશય રૂપ ચાર પ્રકારની સર્વોત્કૃષ્ટ વિશેષતા હોય. વળી જેમની;વાણી પાંત્રીશ ગુણથી અલંકૃત હોય અને આવા બીજા સંખ્યાબંધ ગુણોનો જેમાં વાસ હોય તેજ દેવપણાને યોગ્ય છે.

અતિશય એટલેજ દુનિયાના અન્ય જીવો કરતાં જેમાં કોઇ પ્રકારની વિશિષ્ટતા વા ચમત્કૃતિ છે તે; અર્થાત્ આશ્ચર્યકારક શકિત.

જ્ઞાનાતિશયથી એ સુચવવામાં આવેલ છે કે એમના જેવું જ્ઞાન અન્ય સામાન્ય કક્ષાના આત્મામાં નજરે પડે નહીં. સંપૂર્ણ જ્ઞાનીદશા, વચનાતિશયથી એમના વચનો સત્ય અને ટંકશાળી હોય, એમાં શંકા કિંવા અસત્યનો અંશ માત્ર ન સંભવે, પૂજાતિશયથી દુનિયાના પટપર દરેક સ્થાને પોતામાં રહેલ ઉત્તમ ચારિત્ર યાને વર્તનથી પૂજાને યોગ્ય બને. જનવૃંદ તેમની હર્ષથી સેવા ભકિત બહુમાન કરવા પ્રેરાય અને અપાયાપગમ અતિશયથી જ્યાં જ્યાં તેઓ વિચરે–પગ મૂકે ત્યાં ત્યાં મારી–મરકી, રોગ, પીડા, દુર્ભિક્ષ આદિ કષ્ટોની પરંપરા નાશ પામી જાય; એટલે કે ત્યાં મંગળ–મય વર્તી રહે. ‘ પુન્યવાનના પગલે પગલે રિદ્ધિ સિદ્ધિ પેદા થાય ’ એ કવિ વચન યથાર્થ છે. અહીં તો પુન્યના રાશિ પ્રભુ રહ્યા ત્યાં પછી આપદાઓનું નામ રહેવાજ કયાંથી પામે ?

ગુરૂ તેજ હોઇ શકે કે જેઓ મુખ્યતાએ કરી કંચન, કામિનીના સર્વથા સંગથી મુકત હોય, અહર્નિશ અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય અને અકિંચનતા રૂપ પંચ મહાન્ વ્રતો યા નિયમોને દ્રઢતાથી પાળનારા હોય. જેઓને માત્ર એકજ મોક્ષ મેળવવારૂપ અભિલાષા વર્તતી હોય, સંયમી જીવનનું પાલન કરી કેવળ માધુકરી વૃતિએ અને તે પણ રસની લોલુપતાથી નહિ પણ ધર્મ કરણીમાં શરીર એક અગત્યનું સાધન છે એમ સમજી તેને ટકાવવા પુરતો આહાર ગ્રહણ કરી પોતાનો બાકીનો સમય કેવળ ધર્મ પરિશિલન અને આત્મ ચિતનમાં વ્યતીત કરતા હોય. જીજ્ઞાસુને મીઠા શબ્દોમાં ધર્મનો બોધ આપી જાણતા હોય, છતાં કોઇ પણ સંજોગોમાં તુષ્ટ થઇ ન તો આશીર્વાદ આપે અગર તો રૂષ્ટ થઇ ન તો શ્રાપ દે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી પ્રકૃતિવાળા હોય. એજ સાધુપણાને દર્શે. ધર્મ તેજ હોઇ શકે અગર તેવા ધર્મના પાલનથી આત્મા દુર્ગતિમાં ગબડી જતાં બચી જઇ સદ્દગતિનું ભાજન થઈ શકે અને એ દ્વારા આત્મ કલ્યાણ સાધી શકે છે. એ પ્રકારના ધર્મ યાને શાસ્ત્ર ગ્રંથમાં અહિંસા, સત્ય, ચારિત્ર, તપ અને દાન આદિ મહાન ગુણોને અગ્ર સ્થાન મળ્યું હોય, જ્યાં વિરોધાભાસનું નામ ન સંભવતું હોય; વળી જ્યાં માત્ર આ દુન્યવી સુખના જ લાભો દેખાડી સંતોષ ન પકડાયો હોય, પણ એની સાથે એ સુખોથી લાખગણા ચઢીયાતા એવા આત્મિક સુખોની વાતો વિશેષ પ્રમાણમાં બતાવી હોય, વળી જેમાં કાપાકાપી કે મારામારી અથવા ભાંગફોડ કે નિંદા કુથલીના વર્ણનની છાંટ પણ ન હોય એ પ્રકારનો ધર્મ જ આપણે બાંધી ગયા છે લક્ષણ જેનું એવા ફળને દેનારો થઈ શકે, એટલું હૃદયમાં કોતરી રાખવું કે આવા સુંદર પ્રકારના ધર્મના કથક અવશ્યમેવ અઢાર દૂષણોથી સર્વથા રહિતજ હોય. જે વૃક્ષના મૂળમાં અગ્નિ પ્રદીપ્ત હોય તે ઝાડ કદાપિ નવ પલ્લવિત થયું સાંભળ્યું છે ખરૂં ? અર્થાત્ જ્યાં એ અઢાર દોષો ઓછા વત્તા પ્રમાણમાં પ્રવર્તતાં હોય ત્યાં અહિંસા કે સત્યની પૂર્ણ સ્વરૂપવાળી વાતોનો સંભવ પણ ન હોઇ શકે. કદાચ રેખારૂપે દ્રષ્ટિગોચર થાય તોપણ પાછળ અજ્ઞાન તિમિરના પડળો જરૂર હોવાના. ધર્મની શ્રેષ્ટતાનો મુખ્ય પાયો એના કથકની પ્રતિષ્ઠા ઉપર અવલંબે છે. **पुरुष विश्वासे वचन विश्वास.** એ પદ યથાર્થ છે. જેના રાગ દ્વેષાદિ દોષ ગયા હોય તેજ નિ:પક્ષપાતપણે વસ્તુનું શુદ્ધ સ્વરૂપ પ્રતિપાદન કરી શકે. કથની કરતાં આચરણા સચોટ છાપદાયી હોય છે. કહેવું સોહેલું છે પણ આચરણમાં મુકવુંજ દોહેલું છે એ અનુભવનું વચન છે. નીતિકારે કહ્યું છે કે—' જેના મન, વચન, અને કાયામાં–એટલે કે જેવા મનમાં વિચાર તેવાજ પ્રકારના વચનમાં ઉચ્ચાર અને તેને અનુરૂપ કાયાનું વર્તન–એકતા છે, તે મહાત્માઓને મારા વંદન છે. ' આ ઉપરથી સારાંશ એ તારવી શકાય છે કે જ્યાં દાક્ષિણ્યતા–રાગ કિંવા મોહ કે કામ તૃષ્ણાની જરાપણ છાંટ હોય છે ત્યાં શુદ્ધ વચન કે સંપૂર્ણ વસ્તુતત્વની આશા મૃગજળવત્ નિરર્થક છે. કદાચ એવા વચનોનો પ્રથમ દર્શને પ્રતિભાસ થાય પણ ખરો, છતાં કિંપાક વૃક્ષના ફળ માફક એવી મનોહરતા ઉપર ચોંટીજ હોય છે. કેટલીકવાર તે ભ્રમમૂલકને ઉન્માર્ગે લઇ જનારી નિવડે છે તેથીજ ધર્મ પસંદગી વેળા સાવચેત રહેવાનું છે. અગાઉ આપણે જોઇ ગયા તેમ મૂર્તિ અને ગ્રંથો ઉપરથી કયા ધર્મમાં ઉક્ત દોષો સંભવે છે અને કયામાં નથી સંભવતા એની ખાત્રી કરી લેવાની છે. આનો અર્થ એમ કરવાનો નથી કે અન્ય ધર્મોની નિંદા કરી પોતાના ધર્મના યશોગાન ગાવા. અત્રે તો ન્યાયબુદ્ધિએ વિચારવાનું છે કે સર્વવૃક્ષ ગણમાં જેમ બધા વૃક્ષો આંબાના નથી હોતા, પણ કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીમડા તો કોઇ પીપળા વી૦ના પણ હોય છે તેમ દુનિયાપરના સર્વ ધર્મો આત્મ-કલ્યાણ કરનારા નથી હોતા, તેમાં પણ ઓછી વત્તી તરતમતા રહેલી છે. ઉભય-વૃક્ષના ફળ આસ્વાદ નથી. જેમ આંબા લીમડાની પરીક્ષા કરી શકાય છે તેમ અત્રે પણ યુક્તિપૂર્વક વિચારણા કરવાથી કયો ધર્મ આદરણીય છે એ સમજાઇ જાય છે.

જે દેવમૂર્તિની સાથમાં સ્રીજાતિ યાને લક્ષ્મીની મૂર્તિ હોય તેથી શું એવો સ્પષ્ટ ખ્યાલ નથી આવી શકતો કે તેની વિષય લાલસા હજુ સર્વાંશે પૂર્ણ નથી થઈ શકી ? તે વિના દેવ ગણાતી વ્યક્તિને સાથમાં શ્રૃંગારભાવ સૂચક લલનાની અગત્ય પણ શી ? હાથમાં કમંડળ દેખાય તો પછી એમ ધારવુંજ પડે કે દેહની પવિત્રતા અર્થે તે રાખવામાં આવેલું છે. જપમાળાથી કોઇનુ ધ્યાન ધરવાનું હજુ તેને બાકી છે અને તરવાર કિંવા ગદા વા ધનુષ્યનો દેખાવ ચોકખું સમજાવે છે કે એ રાખવાનું પ્રયોજન કયાં તો શત્રુને હણવાનું છે કિંવા તેનો ભય હોવાથી હાથમાં શસ્ત્ર ધારવું પડે છે. રૂદ્ર પ્રકૃતિપરથીજ ફલિતાર્થ થાય છે કે કષાયનો નાયક ક્રોધ અહીં ઘર કરી બેઠો છે. વાઘપર સ્વારી કરનાર વિકરાળ મહોરાવાળી દેવીના હાથમાં મસ્તકોની માળા જોઈ કયું હૃદય કબુલ કરવા તત્પર થાય કે એ અમારી અંબા છે. અરે હિત્ વત્સલ માતા છે ? સ્નેહ વત્સલ માતૃહૃદય આવા વિકૃત રૂપમાં હોઇ પણ શકે ? વળી જગતની માતાને—આદ્યશક્તિને અગર મહામાયાને ઘેટા બકરાના તે ભોગ શાના હોય ! એવી જાતના ચિત્રો, દેખાવો કિંવા એ પ્રકારની મૂર્તિઓ જોતાંજ કમકમાટ ભરાઇ આવે ત્યાં દેવ-પણાની કે પ્રભુપણાની ભાવના જન્મેજ કયાંથી ! જો આવા દારૂણ સ્વભાવવાળા અથવા તો આવી બાળોચિત કામલીલા કરનારા દેવ કે ભગવાન હોય તો પછી સો કોઇને તે સ્વરૂપ લભ્ય થતાં ઝાઝીવાર નજ લાગે. સંસારમાં કયાં એવા પ્રકા-રની લીલાઓની ખોટ છે ! તો દેવત્વના આટલા વર્ણન શાં ? એની સાધનામાં તપ જપનું શું પ્રયોજન ! ખરેખર એ બધા ચિન્હો અપૂર્ણતાજ સુચવે છે. અઢાર દોષોમાંના થોડા ઘણાની અસ્તિ દેખાડી આપે છે. અજ્ઞાનતા કે દ્રષ્ટિરાગથી એ વાત ન સમજાય તેથી સત્ય વાત મિથ્યા થવાની નથી. જીસ ક્રાઇસ્ટની મૂર્તિ તો જવલ્લેજ નયન પથમાં આવે છે. ઘણે ભાગે ક્રોસનું ચિન્હ જણાય છે. ભલે તેમાં કરૂણાનો આરોપ કરીએ છતાં કુંવારી મેરીના પેટે જન્મ એ વાત આ બુદ્ધિવાદના યુગમાં કેવી રીતે ટકી શકે ! ઇસ્લોમની સંસ્કૃતિ ઉપરથીજ એ ધર્મમાં કેવા પ્રકારની ઘટનાઓ ઉપર એનો પાયો રચાયો છે તેનો ખ્યાલ આવે છે. દયાના ફીરસ્તા તરિકે પ્રસિદ્ધ થયેલા મહાત્મા શ્રી ગોતમ બુદ્ધ, એમની શાંત મુદ્રા ઉપરથીજ અહિંસા, સત્ય આદિ ધર્મલક્ષણોને માન આપનાર હતા એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયનપથમાં આવે છે છતાં સંપૂર્ણતા ત્યાંપણ નહોતી એમ ઉપસ્થિત થતાં વિરોધી વાકયોથી પૂરવાર થાય છે. એમના અનુયાયીના જીવનો એમના મૂળ સિદ્ધાંતથી કેટલા વેગળા ગયા છે તે ઉંડા ઉતરતાં સહજ સમજાય તેમ છે. એમાં તત્વોની નબળાઇ માનવી કે અર્થના અનર્થ થયાનો આરોપ લાદવો એ એક જૂદોજ પ્રશ્ન છે.

આ સાથે એટલું કહેવું આવશ્યક છે કે ઉક્ત દરેક માર્ગમાંથી થોડું વધતું ગ્રહણ કરવા જેવું જરૂર છે. તેથીજ આનંદઘનજી જેવા આધ્યાત્મિક તત્ત્વવેત્તા 'ષટ્ દર્શન જીન અંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધેરે,' એમ કહેવા લલચાયા છે. ઉક્ત ધર્મો અકેક નય પ્રમાણે સાચા ઠરી શકે છે, પણ સત્ય કેવળ એક નયમાં નથી રમતું એ વાતને લોખંડના ટાંકણે કોતરી રાખવાની છે. સાત નય કિંવા વ્યવહાર નિશ્ચયરૂપ બે નયથી કસોટી કર્યા બાદ જે વચનો સો ટચના સોના બરોબર તવાઇ મૂળરૂપમાં બહાર આવે છે તેજ ખરાં છે. સ્યાદ્વાદની ખૂબીજ ત્યાં રહેલી છે એટલેજ અત્રે કહેવું પડે છે કે, ઉક્ત માર્ગોમાં પૂર્ણપણે ધર્મ રહેલો નથી આત્મધર્મ વિષે ત્યાં જુજ કહેવાયું છે; એની પૂર્ણતાના ઇચ્છકે શ્રી અરિહંતના વચનોપર લક્ષ આપ્યેજ છુટકો છે. આમ છતાં એ પંથોની કે તેના પ્રણેતાઓની લેશ માત્ર નિંદા કરવાની સખત મનાઈ કરેલી છે. આવી ઉદારતા એજ સત્યધર્મની કેટલીક વિલક્ષણતાઓમાંની એક છે. સત્ય એવી વસ્તુ છે કે તેનો વિજય નિઃશંક રીતે સર્જાયેલજ છે. તેને સામાની વંચનાનું જેમ પ્રયોજન નથી તેમ પોતાપરની ટીકાથી ગભરાવાપણું પણ નથી. સર્વજ્ઞ પ્રભુનો ધર્મ યાને જૈન ધર્મ એ એકજ એવો માર્ગ છે કે જ્યાં દેવની મૂર્તિ પ્રત્યે નજર નાંખતાં કેવળ શાંત દશા કે વીતરાગ દશાના ખ્યાલ સિવાય બીજુ કંઇ દેખાવાનુંજ નહી; અને દેવના ચરિત્રમાં ઉંડા ઉતરતાં નિશસ્ત્રે બહારના શત્રુઓને મિત્ર માની માત્ર આત્માના ખરા શત્રુઓ જે છે તેમના સામુંજ યુદ્ધ ખેડાયલું નજરે પડશે. ન તો બાળચેષ્ટા દેખાશે કે ન તો અભિમાન કે ગર્વના પ્રસંગો જોવા મળશે. નમ્રતા–સરળતા–સહનશીલતા–દઢતા અને આત્મકલ્યાણ અભિમુખતા આદિ ગુણો સબંધે જ વાતો હશે. શ્રી અરિહંતની મૂર્તિ તરફ એકાદ નજર ફેંકો, એટલે જ એમાં રહેલી રાગદ્વેષાદિ દોષો વગરની શાંતદશા, તેજસ્વી સૌમ્યતા, અલૌકિક સમભાવ, પ્રસન્ન વદન, ગંભીર મુદ્રા, જ્ઞાનપૂર્ણતારૂપ ઉત્કૃષ્ટ ગુણો ઉડીને આંખે વળગશે. પદ્માસન આકૃતિમાં વિરાજતી એ મૂર્તિમાં રાગ કે દ્વેષનું એક બિંદુ પણ તમને નહીં જડે. ચરિત્રમાં અવલોકતાં પણ એજ વાતની પુષ્ટિ થવાની.

રાગાદિ અઢાર દૂષણો રૂપ કર્મશત્રુઓને પરાસ્ત કરવા માટે સંસારના સુખને ઠોકરે મારી, રાજ્ય મહાલયના વૈભવનો ત્યાગ કરી, લાવણ્યવતી લલના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના સ્નેહને છોડી દઇ એ મહાનુભાવોએ વૈરાગ્યપૂર્વક પ્રવ્રજ્યા સ્વીકારી, અરણ્યવાસ આદરી, મૌનદશાનું અવલંબન ગ્રહી, દેવદેવી, દાનવરાક્ષસ અને મનુષ્યતિર્યંચાદિના કરેલા મરણાંત ઉપસર્ગોને પણ સમતા રાખી સહન કરી, તે પણ બળ હોવા છતાં હાથમાં હથિયાર પકડયા વગર માત્ર ઉઘાડી છાતીએ. વળી જ્યાં એવા ઉપસર્ગો સારા પ્રમાણમાં થઇ આવે તેવા અનાર્ય દેશમાં એકાકી વિચરી, ઇંદ્રાદિક દેવોની માગણી છતાં તેમની જરાપણ સહાય ન સ્વીકારતાં કેવળ પોતાના આત્મબળે એ સર્વ સહન કરી, અપૂર્વ એવા કેવળજ્ઞાનને સમસ્ત વિશ્વના સકળ સ્વરૂપને હસ્તામલકવત્ દેખાડનાર અનુપમ આરસાને પ્રાપ્ત કર્યું. આ તો પ્રતિકુળ સંયોગોની વાત કરી, પણ અનુકુળ સંયોગો કંઈ ઓછા નથી સહ્યા. દેવાંગનાઓએ પોતાના અંગો ઘસીને કામ જગાવી ચલાયમાન કરવા સારૂ કંઇ કંઇ યત્નો કર્યા છે છતાં, આ દૃઢ મનોબળી આગળ એ સર્વ છારપર લીંપણ સમા વૃથા ગયા છે. ત્યારે જ કૈવલ્ય જેવા સ્થાયી જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે. એ દ્વારા પ્રભુશ્રીએ લોકાલોકના ભાવો જોઇ સ્વ ઉપદેશ શૈલી નક્કી કરી છે. પછી જ કેવળ ભાવદયાથી ખેંચાઇ મૌન તોડી જનતામાં પોતે જે અનુભવેલ છે, એવા જ્ઞાન વારિધિમાંથી અમૃતતુલ્ય વાણીમાં વહેણુ શરૂ કર્યા છે. મોહમાં ફસાઇ જઇ બાળચેષ્ટા કરનારા કિંવા તપ કે કષ્ટથી ભય પામનારા એમની સરખાઇમાં જરાવાર ઉભા રહી શકે તેમ છે ? ચરણમાં રૂપના અંબાર સમી લલનાઓ પડવા છતાં જે બ્રહ્મચર્ય વ્રતમાંથી રજમાત્ર ખસતા નથી અને એથી ઉલ્ટું અંગનાઓ પર મોહ પામી, પોતાના કાર્યોને વિસરી જઇ એના પગે પડવા જનાર આત્માઓ વચ્ચે જરા સરખામણી કરો તો કેટલું અંતર લાગે છે ? કયાં આ અને કયાં તેઓ બિચારા ? ભર્તૃહરીએ ખરૂંજ કહ્યું છે કે–'કંદર્પદર્પદલને વિરલા મનુષ્યાઃ' આવી ઉચ્ચકોટિના પુરૂષોનું જ્ઞાન એ સત્ય અને કોઇપણ જાતના પૂર્વાપર વિરોધ વગરનું હોઈ શકે છે. આપ્ત વાકય પણ તેમના જ મનાય. કેરડાના વૃક્ષ પાસે જઈ કલ્પવૃક્ષના ફળની માગણી કરવાથી ઓછું તે પ્રાપ્ત થવાનું હતું. સાગરનો પાર પામવાના ઇચ્છકે લાકડાના નાવનો આશ્રય લેવો ઘટે. પથરનું નાવ આશ્રય તો આપે નહીં પણ પોતે ડુબે અને આશ્રય લેનારને પણ ડુબાડે.

વધુ વિસ્તારનું કંઇ પ્રયોજન રહેતું નથી. જૈનાગમમાં આ સંબંધી ઘણા પુસ્તકો સંસ્કૃત–પ્રાકૃતમાં વિદ્વાન્ પુરૂષોના રચેલા મૌજુદ છે. ગુજરાતી ભાષામાં પણ એ સંબંધી લખાણ છે. એ બધાનો પાર પામવાનુ વિદ્વાનોને સોંપી આપણે બ્રાહ્મણત્વ ત્યાગી જૈનત્વ સ્વીકારનાર પ્રખર વિદ્વાન્ શ્રીમદ્ હરિભદ્રસૂરિના વચન અનુસારે ' રાગ, દ્વેષ અને મોહાદિ દૂષણોથી રહિત અને જ્ઞાન, દર્શન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્રાદિ અનુપમ ગુણોથી સહિત, જો કોઇપણ દેવ તરીકે પૂજાને પાત્ર હોય તો તે જીન ભગવાન જ છે માટે તેજ શુદ્ધ દેવ છે. તેમણે સ્થાપન કરેલ ધર્મ તેજ શુદ્ધધર્મ છે અને કેવળ મોક્ષની જ અભિલાષાથી તેનું પાલન કરનાર, પંચ મહાવ્રતને ધરવાવાળા સંસારત્યાગી સાધુ મહાત્માઓ તેજ શુદ્ધ ગુરૂ છે ' એ વાત પર અચળ શ્રદ્ધા ધરીએ.

આ પ્રશંસનીય શ્રદ્ધા એનું બીજું નામ સમ્યકત્વ. આ ' સમ્યકત્વ ' નામા અપૂર્વ નાવ વગર આપણાથી જૈનધર્મના અગાધ જ્ઞાનરૂપી સાગરમાં પ્રવેશ કરવાનું બની શકે નહીં, એટલે પ્રથમથી જ આપણા હૃદયમાં એનું સચોટ રીતે સ્થાપન કરી લઈએ કે જેથી પછી આગળ પ્રયાણ કરવું શ્રેયકારી થઇ પડે. એ વસ્તુનું યથાર્થ સ્વરૂપ તો અનુભવી જ જાણી શકે; છતાં એ પરત્વે આગળ પર વિસ્તારથી સમજવા યત્ન કરીશું. એ અગાઉ જરા બીજી તરફ દ્રષ્ટિ ફેંકી લેવાની જરૂર છે. આપણે ' પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ ' રૂપ સૂત્ર જોઇ ગયા. એનો અર્થ એવો નથી કરી લેવાનો કે કોઇપણ બાબત વિષે જાતે વિચારવું પણ નહિં અગર જરા મગજને તસ્દી પણ ન આપવી. તો પછી પ્રાપ્ત થયેલ બુદ્ધિનો અર્થ શું ? ખુદ ભગવાનના વચનો છે કે તમારી શક્તિ પહોંચે ત્યાં લગી દરેકે દરેક વચનની ખાત્રી કરવા યત્ન કરો. ટંકશાળી વચનોને જરાપણ ભય નથી. ભય અસત્યને છે. સત્ય તો સર્વદા જયવંતું જ વર્તે છે. આમ છતાં કેટલીક વાતો જૈનધર્મમાં પણ એવી છે કે જે પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત નથી કરી શકાતી, વળી બીજી કેટલીક અતિશય ઝીણી હોવાથી સ્થૂળદ્રષ્ટિ જીવોને સમજવી દુષ્કર છે એટલે એવી બાબતો પરત્વે અત્યારે આપણે એ આપ્ત પુરૂષના કથનમાં વિશ્વાસ રાખીને જ આગળ વધવાનું રહ્યું. દુન્યવી નિયમ છે કે જેની પંદર વાત સાચી હોય તેની સોળમી પણ સાચી હોય જ; છતાં આપણાથી ન સમજાય તો એમાં આપણી જ કંઇ કસુર થતી હોવી જોઇએ એ નિશ્ચિત છે. પ્રથમ દર્શને દરેક વસ્તુનું યથાર્થ સ્વરૂપ ન જ સમજાય. વળી કેટલીક બાબતોને સમજવા સારૂ સારા પ્રમાણમાં જ્ઞાનનો ક્ષયોપશમ પણ જોઇએ. જે અભ્યાસ વગર ને કર્મક્ષય વિના ન સંભવી શકે; તેથી પણ શ્રદ્ધાની આવશ્યકતા પુરવાર થાય છે. —(ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રગતિના સૂત્રો.

## " પ્રગતિ એટલે અશકયતાનો પરાજય "

આ સૂત્રનો સિંહનાદ આખી સલ્તનત ધ્રુજાવનાર એક વખતના સમ્રાટ નેપોલીયને સમગ્ર દુનિઆને સમજાવ્યો અને બતાવી આપ્યું કે માનવ જીવનને માટે દુનિઆમાં કોઈ વસ્તુ અશકય છે જ નહિ. પોતાના જીવનમાંથી અશકય શબ્દને તિલાંજલી આપી રચનાત્મક પુરૂષાર્થ કરનાર મનુષ્યો માટે ઉન્નતિના, વિકાસના, અને પ્રગતિના સર્વ દ્વારો ખુલ્લા છે.

* * * * *

મનુષ્યોએ મનુષ્યથી બ્હીવાનું નથી. સાધન અને વ્યવસ્થાની રાહ જોઇ બેસી રહેવાનું નથી. ભૂતકાળ અને ભવિષ્યકાળનાં સ્વપ્ના સેવવાના નથી, એણે તો કાર્ય સાધક બની સાધ્યને લક્ષમાં રાખી " **देहं पातयामि वा कार्यं साधयामि** " એ મંત્રનો શબ્દોચ્ચાર કરતાં આત્મપ્રગતિના દ્વારમાં આગળ વધવાનું છે.

* * * * *

ધર્મવીર, કર્મવીર અને દેશવીરોના જીવનના જ્વલંત ઇતિહાસો તપાસતાં જણાઇ આવે છે કે તેઓએ અનેક મુશ્કેલીઓ, અનેક અથડામણો અને વિઘ્નોની વાટ વચ્ચેથી પસાર થઇ વિજય મેળવેલો છે. તેઓનો એકજ સિદ્ધાંત હતો કે આ જીવન શ્વાસોશ્વાસ લઇને જ માત્ર પૂરૂં કરવાને માટે નહિ પણ અધોગતિના માર્ગ સામે યુદ્ધ કરી વિજય પ્રાપ્ત કરવાને માટે જ મળેલું છે. તથા " વિઘ્નજાળ વચ્ચેની વાટ વીરનરોને લખી લલાટ " એ તો તેઓનું જીવન સૂત્ર હોય છે.

* * * * *

અહર્નિશ ફક્ત વિચારો અને કલ્પનાઓ કરી કરીને માત્ર બેસી રહેવાનું નથી; પરન્તુ લાગણીવાળા હૃદયમાં જન્મ પામેલી કલ્પનાને વિચારબળથી દ્રઢ કરી ક્રિયા શકિતથી મૂર્તિમંતરૂપ આપી આગળ વધવાનું છે. દુનિઆમાં જે કાંઇ ચમત્કારિક શકિતઓ દ્રષ્ટિપથમાં આવે છે તે સર્વ પૂર્વોકત ક્રિયા શકિતનું મૂર્તિમંત સ્વરૂપ છે એ સર્વ આપણા જીવનની સમૃદ્ધિ જ છે.

* * * * *

ભૂતકાળના આદર્શ જીવનો પોતાના સ્વાર્થના ભોગે એકત્ર કરેલી જે સમૃદ્ધિ અને વિભૂતિ આપણી સન્મુખ મુકી ગયા છે, તે વારસામાં મળેલી વિભુતિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમૃદ્ધિ સાચવી રાખવા પૂરતો પણ આપણે પુરૂષાર્થ ન કરીએ તો આપણે સમાજની પ્રગતિના વિરોધક છીએ. એટલું જ નહિ પણ ભવિષ્યની પ્રજાના તથા ઉગતા કુમારોના જીવન વિકાસને અટકાવનારા છીએ. પૂર્વકાલના આદર્શ જીવનો આપણને સંબોધી રહ્યા છે કે:—

" આદર્શ વીરતા રસ ભર્યો બતલાવશો ઉગતી પ્રજા
ભાવિ પ્રજા ભૂલ પામશે કર્તવ્ય સુના તમ થતા. "

રૂઢી બંધનો, વ્હેમો, અંધશ્રદ્ધાઓ, તથા ગતાનુગતિકતાના મલીન વાતાવરણો, આપણા ઉજવળ જીવનમાં જે નિર્માલ્યતાના–નિર્બળતાના–સંકુચિત ભાવનાના અશુદ્ધ સંસ્કારો જામી ગયા છે, કે તે સંસ્કારોને મૂળમાંથી નિર્મૂલન કરવા માટે પ્રજાજીવનમાં નવું સાહસ, નવો ઉત્સાહ અને નવું ચેતન લાવવા માટે દરેક વીર યુવકોએ અને સમાજ નેતાઓએ સ્વાર્થનો ભોગ આપી અવિશ્રાન્ત પરિશ્રમ કરવો પડશે. કારણ કે સમાજની ઉત્ક્રાન્તિનો આધાર તેમના ઉપર છે. સમાજ તેમને આશાભરી દ્રષ્ટિએ જોઈ રહ્યો છે.

જેમ સિંહની ગર્જનાથી વન ગાજી ઉઠે છે, જેમ સૂર્યના પ્રકાશથી અંધારૂં વિલય પામી જાય છે, જેમ ચંદનના એકજ વૃક્ષની સુગંધથી આખું વન સુવાસિત બની જાય છે, તેમ જ્યારે આપણા " યુવક વીરો " વીરત્વની ગર્જનાથી ગાજી ઉઠશે, નિશ્ચેતન થયેલી પ્રજાને ઉત્સાહભરી ભાવનાથી સચેતન કરશે, પોતાની વિભૂતિની સુવાસ સમાજને ચરણે ધરશે, સમાજને પોતાના પ્રાણ માની સમાજના સુખે સુખી અને સમાજના દુઃખે દુઃખી થશે, તથા આપણા વિદ્યમાન ગુરૂવર્યો સમાજને આત્મશ્રદ્ધાના–આત્મબળના–આત્મગૌરવના પાઠો શીખવાડશે ત્યારે સ્થળે સ્થળે સમાજ ઉન્નતિની નોબતો વાગશે. આ સમાજ વિજયનું માન આપણા વીર યુવકોના લલાટે જ લખાયેલું છે.

જેમ રત્નની કાન્તિ–નિર્મળતા, અને તેના ગુણો રત્નની સાથે જ હોય છે તેમજ ચૈતન્ય રશ્મિ–સાત્વિક પ્રભા–દિવ્યતેજ ઇત્યાદિ અનેક મહાન શકિતઓ આત્મારૂપ દિવ્ય રત્નની સાથે જ રહેલી છે. અને એ સર્વ શકિતમય આત્મા પોતાની શકિતઓને પ્રગટ કરવા માટે જ પ્રયત્ન કરી રહ્યો છે અને પોતાનો સર્વાંગી વિકાસ કરવા માટે આપણને અહનિર્શ પ્રેરણા કરી રહ્યો છે કે:— **उत्तिष्ठत जाग्रत जाग्रत.**

કસ્તુરચંદ હેમચંદ દેશાઇ.
જૈન ગુરૂકુળ–પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શિખરપરથી દૃષ્ટિપાત "

## સાધુ સંમેલન.

આ પ્રશ્ન હમણાં સારી રીતે ચર્ચાઇ રહ્યો છે. જે પ્રશ્ન અત્યાર સુધી જાહેરમાં ચર્ચાતો નહિં તે પ્રશ્ન હવે જાહેરમાં ચર્ચાય છે અને તે પણ એક સમર્થ આચાર્ય વર્ય પાસેથી ચર્ચાય છે ત્યારે જરૂર કંઇક ઇષ્ટ ફળ આવશે એમ ઇચ્છીએ છીએ. સાધુ સમ્મેલનની અગત્યતા હવે સમજાવવાની ન હોય. હવે તો બધાયને એમ થયું છે કે સાધુ સમ્મેલન થાય તો સારૂં. આજે સાધુ સંસ્થામાં જ એટલી ફાટફુટ પડી છે કે આની આ સ્થિતિ લાંબો સમય નભેજ નહિ; અને નભે તો ટુંક મુદતમાંજ ઘણું અનિષ્ટ પરિણામ આવે. આજે બધા પહેલાં એકલવિહારી સાધુઓ ઉપર અંકુશ મુકવાની પુરેપુરી જરૂર ઉભી થઇ છે. શું ગુજરાત કે શું કાઠિયાવાડ શું માળવા કે મેવાડ શું બંગાળ કે શું દક્ષિણ અને કચ્છ બધે એકલવિહારી સાધુઓ વિચરી સાધુઓના નામે અનેક પાખંડ ચલાવે છે, અન્તે ત્યાંની પ્રજાને સારા સાધુઓનો સંસર્ગ ન થવાથી આખી સાધુ સંસ્થા ઉપર અભાવ થઇ જાય છે, સુકા ભેગું લીલું પણ બળી જાય છે. જો કે એકલવિહારી બધાજ ખરાબ હોય છે કે પાખંડ ચલાવે છે એવું નથી. કેટલાએક સાધુ સારા પણ છે પણ એ વાતો આંગળીના વેઢે ગણાય એટલા જ સાધુ સમ્મેલન થતાં બધા વડીલોની આજ્ઞામાં તો આવી જશે. એટલે ઉપર દાબ રહેવાથી ઘણોજ સુધારો થઇ જશે. બીજું અમુક ક્ષેત્રો સાધુઓના અભાવે જૈન ધર્મના સંસ્કારોથી રહીત થતા જાય છે. ટુંક સમયમાં ત્યાં આપણા સાધુઓ ન પહોંચે તો તેઓ અજૈન અને કાંતો સ્થાનકવાસી બની જાય તેમ છે તો ત્યાં વિદ્વાન સાધુઓને પ્રેમથી સમજાવી મોકલાવવામાં આવે અથવા ટુંક સમય માટે યોગ્ય ક્ષેત્રો વહેંચી આપવામાં આવે તો પણ ઘણો લાભ થાય તેમ છે. આજે સ્થાનકવાસીમાં આ પ્રથા છે અમુક સમુદાયના સાધુઓ મળી અમુકને અમુક સ્થલે અને અમુકને અમુક સ્થલે એમ યોગ્યતા પ્રમાણે મોકલવામાં આવે છે; એટલે **અતિપરિચયાત્** અવજ્ઞા જેવું પણ ન થાય અને બીજાં ક્ષેત્રો બગડી પણ ન જાય. આજે જૈનો ઘટે છે તેનું મુખ્ય કારણ શું છે ? મરણ પ્રમાણ અધિક છે એ નથી, એના કરતાં પણ સબલ કારણ તો જૈનો સાધુઓના અભાવે અજૈન થાય છે. જૈન મટી જાય છે તે છે. એકાદ બે દૃષ્ટાંતો ઉપયુકત છે. સૌરાષ્ટ્રમાં આવેલ દીવ–ઉના અને દેલવાડાનો પ્રદેશ જુઓ. દીવના સંઘના આગ્રહથી **જગદ્‌ગુરૂશ્રી હીરવિજયસૂરિએ ચાતુર્માસ કર્યું. અને ઉનામાં પણ કરી ત્યાંજ સ્વર્ગવાસ પામ્યા એમની પછી તો ઘણાય સાધુઓ ત્યાં રહ્યા છે અને સ્વર્ગવાસ પામ્યા છે. આજે એજ દીવમાં એકજ ઘર છે. ઉનામાં માત્ર પંદરથી વીસ ઘર છે.** અને આજુબાજુના પ્રદેશના જૈનો બધાય અજૈન થઇ ગયા છે. તેઓ કહે છે કે **અમે પહેલાં જૈન હતા પરાણે આ કંઠી બાંધીજ** છે. આવીજ સ્થિતિ દક્ષિણમાં છે ત્યાં **વાણીયા ગણાતી કોમ પહેલાં જૈનજ હતી આજે શાંકર ભક્ત બની** છે. આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્થ અને ત્યાગીસૂરિ પુંગવોના ઉપદેશની ધારા અખંડ રહી ત્યાં સુધી તેઓ પરમ આર્હત ભકત રહ્યા. આપણા આ આચાર્યોની ઉપદેશ ધારા ટુટી અને અન્યમતના આચાર્યોના ઉપદેશની ધારા ચાલુજ રહી તેથી લાંબા સમયે પેઢીઓ વીત્યા પછી જૈન સંસ્કાર ભૂંસાયા અને નવા મતના સંસ્કારો ઘુસ્યા, નવા સંસ્કારોએ એવો જબ્બર પલટો આપ્યો કે જાનું તદ્દન લુપ્ત થઇ ગયું. જો કે અમુક સંસ્કાર તો નથીજ જતા. અને એ લોકોમાં પણ નથીજ ગયા છતાં તેઓ જૈન મટી ગયા એતો ચોક્કસ છે. આ બનવાનું મુખ્ય કારણ હું કહી ગયો તેમ સાધુઓના વિહારનો અભાવ માટે હવે તો કોઇ પણ ઉપાયે જલ્દીથી સાધુ સમ્મેલન મળે તો ઘણુંજ સારૂં છે. સાધુઓને શિથીલ કરવાનું પાતક ગૃહસ્થ જૈનોનેજ માથે છે. શામાટે એ ખોટી ખુશામત કરી જીહાજીહા કરે છે. એ જાણે છે કે અમુક ભૂલ છે છતાં ઇરાદાપૂર્વક તે ભૂલને ચલાવી લેવામાં આવે છે. એક કાણું મોટી બખોલ રૂપે બને અને આખું વહાણ ડુબવાનો સમય આવી લાગે ત્યારે આપણે થીગડું દેવા જઇએ તો પછી ક્યાંથી દેવાય ? આવીજ રીતે શ્રાવકની ભૂલ થતી હોયતો સાધુઓની ફરજ છે કે તે ગમે તેવો મોટો હોય છતાં તે શ્રાવકની ભૂલ રીતસર કહીદે મહાનુભાવ આ તમારી ભૂલ છે અને તેને સુધારો; આ સાચો રસ્તો નથી પણ અમુક સત્યમાર્ગ છે તે પ્રમાણે ચાલો. આવા કેટલાય ટુંક પ્રશ્નો છે પણ તે ધીમે ધીમે ઉકેલાશે પણ પ્રથમ તો સાધુ સમ્મેલન મેળવવાની અનિવાર્ય આવશ્યકતા છે. —(ચાલુ)

# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

૧ **શ્રી જીવાનુશાસનમ્ સ્વોપજ્ઞ વૃત્તિયુતમ્**—શ્રી વીરચંદ્રસૂરિ શિષ્ય શ્રી દેવસૂરિ વિરચિતં પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય સભા પાટણ કેટલાક વખતથી આ સંસ્થા સાહિત્ય પ્રકાશનું કાર્ય સારૂં કરે છે. તેના ગ્રંથાવલી નંબર ૧૭ આ ગ્રંથનો છે. આ ગ્રંથમાં મૂળ ગાથા પ્રાકૃતમાં ૩૨૩ અને તેની વૃત્તિ સંસ્કૃતમાં છે શ્લોક સંખ્યા કુલ ૨૨૦૦) છે.

બિમ્બ પ્રતિષ્ઠા વર્ણન, પાક્ષિક વિચાર, વિધિ ચૈત્યકરણ વર્ણન, સંઘ વિચાર, માસ કલ્પવિચાર, કેવળી સ્ત્રી વ્યાખ્યાન, જિન દ્રવ્યોત્પાદન વર્ણન ચારિત્ર સતા વિચાર વગેરે વગેરે ૩૮ અધિકારો આ ગ્રંથમાં આવેલ છે, પંડિત ભગવાનદાસ હીરચંદ અને ભાઇ પ્રભુદાસ પાસે સંશોધન કરાવી પ્રકટ કરવામાં આવેલ છે જેથી શુદ્ધ છપાએલ છે. કિંમત એક રૂપીઓ.

૨ **શ્રી કામદેવ નૃપતિ કથા**—શ્રી મેરૂતુંગસૂરિ વિરચિત. પ્રકટ કર્તા શ્રી હેમચંદ્રાચાર્ય સભા પાટણ ગ્રથાંક નં. ૧૮–( સંસ્કૃત ) શ્રુતજ્ઞાનારાધના વિરાધના ફળ પ્રકટ કરનાર આ કથાનો ગ્રંથ છે. ગ્રંથની ભાષા સરલ હોઇ સંસ્કૃતના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. કથા રસિક અને ઉપદેશક છે. આવી ઉપદેશક કથાના લઘુ ગ્રંથોના ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રભાવના કરી સમાજમાં વાંચનના શોખ વધારવા જરૂર છે. કિંમત ૦–૬–૦ છ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ **ષડ્ દ્રવ્ય વિચાર**—ત્રીજી આવૃત્તિ. ગુજરાતી ભાષામાં પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ. રચયિતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજ. આ લઘુ બુકમાં ષડદ્રવ્ય, નય, પ્રમાણ સપ્તભંગી, નિગોદસ્વરૂપ, ચારધ્યાન અને સમકિતનું સ્વરૂપ વગેરેનું વર્ણન સરલ રીતે આપવામાં આવ્યું છે. ટુંકામાં સારો સમાવેશ કરવામાં આવ્યો છે. દ્રવ્યાનુયોગ શિખવાની શરૂઆતમાં વિદ્યાર્થીઓને સરલતાથી સ્વરૂપ સમજાય તેવું છે. શાસ્ત્રી ટાઇપમાં પાકા કપડાનું સારૂ બાઇન્ડીંગ હોવા છતાં સાત આના તે માત્ર સાહિત્યનો ફેલાવો કરવાના વિચારને બંધબેસ્તી અને અલ્પ છે. દરેક અભ્યાસીયોને વાંચન મનન કરવા જેવી આ બુક છે.

૪ **શ્રી કચ્છ**—ગીરનારની મહાયાત્રા બુક, શેઠ નગીનદાસ કરમચંદના તરફથી સમાલોચના માટે અમોને ભેટ મળેલી છે. ઉકત શેઠ સાહેબે શ્રી કચ્છ–ગિરનારની મહાયાત્રા માટે કાઢેલ સંઘનું તેમાં સંપૂર્ણ વર્ણન છે. શેઠશ્રીની ઉદારતા, ધર્મપ્રેમ શ્રી સંઘની અપૂર્વભકિત તે વાંચવાથી જાણી શકાય તેવું છે. તે સાથે જ્યાં જ્યાંથી જે જે સ્થળે આ સંઘનો મુકામ થયો હતો. તેનું વર્ણન પૂર્ણ અને ભોમીયા સમાન છે. તે બુકમાંથી હકીકત વાંચતા હાલમાં આવો સંઘ નીકળ્યો હોય તેમ જાણવામાં નથી. શ્રીમંતોએ અનુકરણ કરવા જેવું છે. કિંમત અઢી રૂપીયા તે કાંઇક વધારે છે.

**ધર્મવીર વેણીચંદભાઈ**—આ ગ્રંથમાં શ્રી મ્હેસાણા યશોવિજયજી જૈન–સંસ્કૃત પાઠશાળા તથા જૈન શ્રેયસ્કર મંડળ સંસ્થાના સ્થાપક વેણીચંદભાઇનું જીવન વૃત્તાંત આવેલું છે. જીવન ચરિત્ર તો તેનુંજ છપાય કે જેમાંથી કાંઇને કાંઇ અનુકરણીય પ્રવૃત્તિ હોય ! વેણીચંદભાઇના જીવનમાં ધર્મની સેવાની આત્મભોગે અનેક પ્રવૃત્તિઓ છે કે જેમાંથી કોઇપણ મનુષ્ય અનુકરણ કરવા ધારે તો કરી શકે—સેવાભાવી થઇ શકે. વેણીચંદભાઇ સેવાભાવી આત્મા હોવા સાથે, દેવગુરૂ અને ધર્મના પણ અનન્ય ભકત હતા. સાથે સાથે ત્રિરત્નની ભકિત પણ કરતા. આ ગ્રંથમાં પ્રથમ આપવામાં આવેલ "ચરિત્ર લખવાનો હેતુ" ખાસ વાંચવા જેવો છે. સાથે તેઓએ કરેલી ધર્મસેવાના કાર્યો પણ તેમના આ ચરિત્ર વાંચવાથી જણાય તેવું છે. આ ધર્મી પુરૂષનું જીવન ચરિત્ર પ્રકટ કરવા માટે શ્રી જૈન શ્રેયસ્કર મંડળને અમો ધન્યવાદ આપીયે.

**આદર્શ જૈન**—લેખક શ્રી બંસી ( પ્રકાશક પ્રભુદાસ અ. મહેતા. ગોધરા પંચમહાલ ) જૈન આદર્શને રજુ કરતું આ નાનકડું પુસ્તક કે જેમાં લેખકના વિચારોને ભાવનાઓની જમાવટ થયેલી છે. આ પુસ્તક એકલા જૈન તેમ નહિં પરંતુ જૈનેતર ( સામાજિક ) દષ્ટિએ પણ તેની ઉપયોગીતા દેખાય છે. માંહેના ઘણા વાકયો તો ખાસ મનન કરવા જેવા છે. શૈલી સુંદર, સચોટ અને ટુંકામાં અનેક પ્રેરણાઓ તાદશ્ય કરે છે. આવા પુસ્તકો આવકારદાયક ગણી શકાય–સર્વેને વાંચવા ભલામણ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત.

# શ્રી ધર્મબિન્દુ ગ્રંથ.

આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.

**( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )**

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રંથોના કર્તા તરીકે પ્રખ્યાત છે, તેની કૃતિમાં અદ્દભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી, તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે. જે વાંચવાથી વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ—સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃતિને ધર્મ-રૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજ-રાતી ટાઇપમાં છપાવેલ છે.

ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કાપડના બાઇડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂ. ૨–૦–૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરિકેશી બળ.

“ અન્ન નહિ મળે તો કંઇ નહિં, પણ તમારા યજ્ઞમાં કંઈ હિંસા તો નથી થતી ને ? ” યાજ્ઞિકોને એ પ્રશ્ન અસહ્ય લાગ્યો. એ પ્રશ્નમાં જ તેમને આખી વૈદિક પ્રણાલિકાનું અપમાન દેખાયું. અભિમાન અને ક્રોધના આવેશે તોફાનનાં વાદળ એકાએક ખેંચી આણ્યા. જે હરિકેશીનું નામ કાને અથડાતાં, ગઢ–કાંગરાથી સુરક્ષિત શહેરમાં વસતાં નાગરિકો પણ ભયથી કંપતા અને જેનો અકસ્માત ભેટો થતાં પ્રાણરક્ષા માટે કરગરતા એજ હરિકેશી ઉપર તેમણે ગાળો અને અપમાનોનો વરસાદ વરસાવ્યો. “ એ પાખંડીનું તો માથું જ ભાંગી નાખવું જોઇયે ! ” “ એ શુદ્ર જેવા માણસને યજ્ઞના વિષયમાં બોલવાનો શો અધિકાર છે ? ” એવા એવા અનેક આક્ષેપો સંભળાવા લાગ્યા. હરિકેશી મુનિ જરાયે વિચલિત ન થયા. તેઓ ત્યાંજ ઉભા રહ્યા. આજે તે એક માસના ઉપવાસને અંતે પારણું કરવા આ તરફ આવ્યા હતા. બીજો કોઇ તપસ્વી હોત તો તેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી કંઈ જુદો જ અનર્થ ઉપજાવ્યો હોત. પણ આ મુનિ તો તિરસ્કારને શાંતિથી પી ગયા. આ પ્રકારની તેમની અજબ શાંતિએ બ્રાહ્મણો ઉપર વશીકરણ કર્યું. સૌ શાંત થતાં તેમણે સંયમ, ત્યાગ, બ્રહ્મચર્યવ્રત, તપ, વિગેરેમાં યજ્ઞવિધિનો શી રીતે સમાવેશ થાય છે તે સમજાવ્યું. બ્રાહ્મણોને પણ અંતે પોતાની ભૂલ સમજાઇ. યજ્ઞ અપૂર્ણ રહ્યો. જેઓ નિરભિમાન અને આત્મશ્રેય પ્રત્યે એકાંત રૂચિ ધરાવતા હતા તેઓ હરિકેશી મુનિનો સનાતન મંત્ર પામી શ્રી મહાવીરના માર્ગના પથિક થયા. એ રીતે હરિકેશી મુનિએ ઉપદ્રવ, દુઃખ કે વિપદમાત્રને તુચ્છ માની સતત ઉગ્ર વિહાર કર્યા અને હિંસા તેમજ વ્હેમના જે અખાડા જામ્યા હતા તે વીંખી નાખ્યા.

ચંડાળકુળમાં જન્મવા છતાં તે પોતાનાં તપ અને નિર્મળ ચારિત્રને લીધે સર્વત્ર વંદનીય થઇ પડયા. કોઈપણ કુળમાં જન્મવા માત્રથીજ માણસ પ્રતિષ્ઠા કે નિંદાને પાત્ર નથી ઠરતો, પરંતુ તેનાં સારાં નરસાં કર્મોજ તેને અને તેનાં કુળને પતિષ્ઠા કે નિંદાને પાત્ર ઠરાવે છે એ મહાસત્ય તેમણે મૂર્તિમંત કરી દાખવ્યું. ચક્રવર્તીથી માંડીને તે ઠેઠ ચંડાલ સુધીના દરેક માનવસંતાનને આત્મકલ્યાણ સાધવાનો એક સરખો અધિકાર છે એ શ્રમણ સંસ્કૃતિનો સંદેશ આજે પણ શ્રી હરિકેશી મુનિનાં જીવનમાં ગુંજતો આપણે સાંભળીએ છીએ.”

રા. સુશીલ કૃત. “ અર્પણ ” માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only